# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૧૧૯- A તા.૨૯-૦૨-૨૦૨૪

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- સ્વચ્છતા થીમ સોંગ બાબત.

આથી તમામ મ્યુનિ. શાળાઓના મુખ્ય શિક્ષકોને ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, સ્વચ્છ ભારત મિશન ૨.૦ અંતર્ગત આપણું શહેર સ્વચ્છ શહેર બને તે માટે અત્રેની કચેરી વખતોવખત પરિપત્ર કરી શહેરને સ્વચ્છ અને સુંદર બનાવવા જનજાગૃતિના કાર્યક્રમો કરવા માટે જણાવેલ હતું. માન. વડાપ્રધાનશ્રીના હસ્તે શરૂ કરવામાં આવેલ સ્વચ્છ ભારત મિશનનો સ્વચ્છ ભારત મિશન ૨.૦ મુજબનો બીજો તબક્કો ચાલી રહેલ છે. આપણા શહેરમાં પણ રોજ સવારે અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન દ્વારા ડોર ટુ ડોર શેરી મહોલ્લા અને સોસાયટીમાંથી ભીનો કચરો અને સુકો કચરો એકત્રિત કરવા માટે સેવાઓ પુરી પાડવામાં આવી રહી છે.

સ્વચ્છ ભારત અભિયાનના ભાગરૂપે શાળાઓમાં પ્રાર્થના સભામાં સ્વચ્છતા અંગેના થીમ સોંગ વગાડી વિદ્યાર્થીઓમાં અને તેમના દ્વારા વાલીઓમાં આપણું શહેર અમદાવાદ સ્વચ્છ અને હરિયાળુ કરવા અંગેની જાગૃતિ લાવવાના પ્રયાસો કરવા જણાવવામાં આવે છે.

તા. ૨૯-૦૨-૨૦૨૪

ડૉ.એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી